દેશ-પરદેશની
આજકાલ
aajkaaldaily.com
www.aajkaaldaily.com
Dt. 04-12-2024

# પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન તરીકે ડો. આકાશ રાજશાખા ચૂંટાયા

## સુદામા ડેરી દ્વારા પોરબંદર જિલ્લામાં આવી શ્વેતક્રાંતિઃ યુવા ચેરમેને ડેરીને વધુ ગતિ-પ્રગતિના ઉચ્ચ શિખરો સુધી લઈ જવા આપ્યો કોલ



પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન તરીકે ડો. આકાશ રાજશાખા અને વાઈસ ચેરમેન જ્યોતિબેન ઓડેદરાની નિમણૂંક કરવામાં આવી તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદર જિલ્લામાં શ્વેતક્રાંતિ લાવવામાં સૌથી મહત્વનું સ્થાન અને નામ ધરાવનાર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન તરીકે પૂર્વ કેબીનેટમંત્રીના પુત્ર નિયુક્ત થયા છે.

પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ના ચેરમેન અને વાઈસચેરમેનની ચૂંટણી માટે મેન્ડેટ (વ્હીપ) આપવામાં આવી હતી. જેમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ના ચેરમેન તરીકે ડો. આકાશ બી. રાજશાખા અને વાઈસચેરમેન તરીકે જ્યોતિબેન ડી. ઓડેદરાને ચૂંટી કાઢવા(નિયુક્ત કરવા) અંગેનો મેન્ડેટ (વ્હીપ) આપવા જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ ઓડેદરા(પટેલ)ને અધિકૃત કરવામાં આવ્યા હતા અને તેમના દ્વારા એ બંનેને ચૂંટી કાઢવામાં આવ્યા છે.



ઉલ્લેખનીય છે કે પોરબંદર જિલ્લામાં સહકારી દૂધ ઉત્પાદન સંઘ સુદામાડેરીના માધ્યમથી શ્વેતક્રાંતિ આવી છે અને પશુપાલકોને પૂરતા પ્રમાણમાં પોષણક્ષમ ભાવ અપાવવાની સાથોસાથ જિલ્લામાં વધુને વધુ પશુપાલકો દૂધ સંપાદન સાથે જોડાય અને પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને વધુ ગતિ-પ્રગતિના શિખરો ઉપર લઈ જાય તે માટે પૂર્વ કેબીનેટમંત્રી બાબુભાઈ બોખીરીયાના પુત્ર ડો. આકાશ રાજશાખા કટીબધ્ધ છે અને તેમના નેતૃત્વમાં પોરબંદર જિલ્લામાં સુદામા ડેરી વધુને વધુ લાભ અપાવે તેવી આશા અપેક્ષા રાખવામાં આવી છે.

બાબુભાઈ બોખીરીયાના પુત્ર ડો. આકાશ રાજશાખાને ચેરમેન પદે અને જ્યોતિબેન ઓડેદાને વાઈસચેરમેન પદે નિમણૂંક અપાતા તેમના ઉપર અભિનંદન વર્ષા કરવામાં આવી છે.તેમને શુભેચ્છા આપવા અત્યાર સુધી ચેરમેન તરીકે શ્રેષ્ઠ કામગીરી કરનારા ભરતભાઈ જીવાભાઈ ઓડેદરા, ભરતભાઈ ભીમાભાઈ બોખીરીયા, પૂર્વ કેબીનેટમંત્રી બાબુભાઈ બોખીરીયાના અંગત મદદનીશ નાગાજણભાઈ ઓડેદરા, પોરબંદર તાલુકા પંચાયતના પૂર્વપ્રમુખ વિરમભાઈ કારાવદરા, જિલ્લા ભાજપના મહામંત્રી અશોકભાઈ મોઢા સહિત મેનેજીંગ ડિરેકટર શ્રીકાંતભાઈ ભટ્ટ અને અન્ય આગેવાનો તથા ડિરેકટરો ઉપસ્થિત રહ્યા હતા.



BREAKING NEWS

04-12-2024

દેશ-પરદેશની આજકાલ



# સુદામા ડેરીના ચેરમેન તરીકે ડો. આકાશ રાજશાખા અને વાઈસ ચેરમેન તરીકે જયોતિબેન ઓડેદરા ચૂંટાયા


સોલાર રૂફટોપ લગાવો, વિજ બિલમાંથી મુકિત મેળવો.

₹78000/- સુધીની સબસીડી

ભારતની નં. ૧ સોલાર રૂફટોપ કંપની ટાટા પાવર સાથે જોડાવ...



TATA POWER SOLAROOF

અધિકૃત વિક્રેતા :

Environment Solutions

જ્યોતિ ડેરી પાસે, રામ ગેસ્ટહાઉસ રોડ, પોરબંદર 9825006309/9925012755

દ્વારકાથી દીવ દરિયાઇ પટ્ટીનું એક માત્ર અનોખું અખબાર

# ખબર જગત

सत्यं मम आयुधम् अस्ति ।

તા.૦૪/૧૧/૨૦૨૪ BREAKING NEWS

તંત્રી/માલિક : જયેશ જોષી RNI NO. GUJGUJ/2021/80622



## પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સુદામા ડેરી) ના ચેરમેન તરીકે ડો. શ્રી ડો. આકાશ બી. રાજશાખા અને વાઇસ ચેરમેન તરીકે શ્રી જ્યોતિબેન ડી. ઓડેદરા ચૂંટાયા